# મારું કુટુમ્બજીવન

## •‘પુણ્યશ્લોક’–મારા પીતા•

–ગોવીન્દ રાવલ

મારા પીતાએ મને અમારી સાત પેઢીનાં પુર્વજોનાં નામ ગોખાવેલાં. મારા નામથી શરુ કરીને. ગોવીન્દલાલ, જેઠાલાલ, અમથારામ, ઉમેદરામ, અનોપરામ, પ્રેમજી, વાલજી. એ ઉપરાન્ત અમારા કુલ–ગોત્રની બધી વીગત પણ ગોખાવેલી. અમારી જ્ઞાતી નાગર; નાગર વીસનગરા. અમે અમારી જાતને બ્રાહ્મણ ન કહીએ, ‘નાગર’ કહીએ. બ્રાહ્મણ કરતાં નાગર ઉંચા એવું અમારું મીથ્યાભીમાન. નાગર છ પ્રકારના : વડનગરા, વીસનગરા, કશ્નોરા, પ્રશ્નોરા, સાઠોદરા અને ઉપેરીયા. અમારો નંબર બીજો; પહેલો નહીં. ત્યારે તો એટલું પણ ઓછું આવતું. કારણ હાઈ સ્કુલમાં અમારા આચાર્યનો દીકરો જે મારો સહાધ્યાયી, તે મને રુઆબથી કહેતો, ‘અમે વડનગરા. અમારો નંબર પહેલો, તારો બીજો.’ ત્યારે મને રડવું આવી જતું અને આજે એવા મીથ્યાભીમાન માટે હસવું પણ આવે છે.

જ્ઞાતી પછી ગોત્ર. ગોત્ર : પરાશર, શાખા : માધ્યાહ્નદીની, વેદ : યજુર્વેદ, કુલદેવ : હાટકેશ, કુળદેવી : અમ્બીકા, અટક : રાવલ. સભાનતાપુર્વક ‘રાવલ’માં ‘લ’ લખીએ; ‘ળ’ નહીં; કારણ ‘રાવળ’ તો તપોધન બ્રાહ્મણ લખે. અમે નાગર, ‘રાવળ’ તો કેવી રીતે લખી શકીએ ? એક એક અક્ષર માટે આવી ચીકાશ, એ નાગરોની ખાસીયત. પાન, પાટીયું, હીંચકો, વરણાગી અને પારકી પંચાત એ નાગરોની લાક્ષણીકતા.

મારા પીતા મરજાદી. એટલે બીજાના હાથનું – નાગરના હાથનું પણ – ન ખાય. નાનપણમાં મારી મા મરી ગયા પછી રસોઈમાં માત્ર મારી મદદ લેતા; પણ હું હરીજનવાસમાં જતો થયો તે પછી રસોડામાં મારો પ્રવેશ પણ બન્ધ થઈ ગયો.

અમારા કુટુમ્બમાં ત્રણ પેઢીથી એક દીકરો અને એક દીકરી એમ ચાલતું. મારે પણ બીજો ભાઈ નહોતો. એક બહેન વીદ્યા; તે પણ છ વર્ષની થઈ, બાળપણમાં જ બળીયાના રોગમાં ચાલી ગયેલી. એટલે પીતૃપક્ષે મારા પરીવારમાં મારા કાકા, ભાઈ વગેરે કોઈ નહોતું. એવું જ માતૃપક્ષે એક માત્ર મામા હતા. તે પણ તેમના બાળપણમાં જ ગુજરી ગયેલા. પણ સુમી(સુમતી) પરણીને આવતાં તેના પીતૃ–માતૃપક્ષના બહોળા પરીવારને લઈ, મને મારા કુટુમ્બજીવનમાં ક્યાંય પણ પરીવારજનોની ઉણપ સાલી નથી. કારણ કે તેમણે બધાએ મને પરીવારનો પ્રેમ કેવો હોય તેનો ભરપુર અનુભવ આપ્યો છે.

## ●'પુણ્યગંધા' મારાં સાસુ અને 'પુણ્યશ્લોક' મારા સસરા●

**અને** તેથી જ સૌથી પહેલાં તો મારે મારાં સાસુની વાત કરવી છે. એ પુણ્યગંધા માનું રેખાચીત્ર મારા મનમાં કંડારાયું છે તે કંઈક આવું છે. તેમનું નામ તો જશકોર; પણ વહાલમાં સૌ 'જશી' કહી બોલાવે. જશી પણ ગંગાનો ખોળો. ગંગાનાં નીર તો વધે–ઘટે; પણ આ તો એક સરખો વહેતો પ્રેમપ્રવાહ. જે એના સંગમાં આવે એ સૌને લાગે કે જશી મારી છે. આવું વહાલ કેમ કરીને જન્મતું હશે એનું રહસ્ય હજી વીજ્ઞાને શોધવાનું બાકી છે.

ન ભારે, ન એકવડીયું; બેઠી દડીનું શરીર. દહાડામાં ચાર વાર પાનની કચર ચાવે. જમી ઉઠીએ કે તરત પુછે : 'પાન ખાશોને ?' પુછવાની લઢણ જ એવી માયાળુ કે ના પાડવાનું મન જ ન થાય. એના પાનની દોસ્તી અઢી વરસની આનલથી એંશી વરસના બુઢ્ઢા સુધી વીસ્તરેલી.

જશીને ઘડીનો જપ નહીં. દહાડે કોઈ દી' સુવે નહીં. કશુંક ને કશુંક કામ એના હાથ કર્યા જ કરતા હોય. હવે અવસ્થા ઢળી. એંસી થયાં; તોય દીકરીઓનાં ઘરે જાય ત્યારે પાપડ, સારેવડાં તો કરી આપે જ.

ભર્યુંભાદર્યું ઘર. દીકરીઓને ઘરે મોટરગાડીઓ. વહુઓ કશું કામ કરવા ન દે. તો અંબર ચરખો ચલાવે. જુવાનીમાં પણ પેટી–રેંટીયો કાંતતાં. રેંટીયો ખાટલા નીચે ખુલ્લો જ રાખે. હરતાં–ફરતાં, ઘરનું કામ કરતાં, વાતો કરતાં, વચ્ચે હાથ રેંટીયા ઉપર ચાલ્યો જ જાય. કાંતે પણ ઘણું ઝીણું. આંટીઓ બતાવે ત્યારે એમના મોં પર જે રાજીપો દેખાય; જાણે કચકડામાં મઢીએ. જમાડવું એ જશીનો શોખ. એના હાથે દાળ એવી થાય કે જાણે આંગળાં કરડી ખાઈએ. વેઢમી એવી બનાવે કે સવાલ થાય : કોણ મીઠું ? જશી કે એમની વેઢમી ?

કોઈ માંદું પડ્યું કે જશી જાણે અડધીઅડધી થઈ જાય. ગાભરી ભારે. ડોશીમાનાં બધાં જ ઓસડીયાં એ જાણે. હુકમ કરતાં ન આવડે. બધું જાતે કરે. દીકરીઓને એક વાત ગળથુથીમાંથી ઘુંટીને પાયેલી : 'કામ કરે તે કામણ કરે.' 'માણસ વહાલું નથી; માણસનું કામ વહાલું છે.' 'કામ કરવાથી કંઈ ઘસાઈ જતાં નથી.' આવાં આવાં વેણ કામ કરતી જાય અને બોલતી જાય.

બાર વર્ષની બાળવયે જશી પરણીને સાસરે ગયેલી. પતીને પરમેશ્વર માનીને ચાલનારો એ જમાનો. જીવનની અનેક તડકીછાંયડી જોઈ છે. હૃદય તો રુના ગાભા જેવું પોચું અને મુલાયમ. વાદળ ગાજે ને વીજળી ચમકે તો છળી ઉઠતી જશી, જીન્દગીની તડકીમાં જ્યાં પુરુષ પોચો પડતો લાગે ત્યાં માણેકથમ્ભ જેવી અડોળ બનીને ઉભી રહે. 'એમ હીમ્મત શું હારી જાઓ છો; હું બેઠી છું ને !' રુના ગાભામાંથી આવો પોલાદી રણકો કેમ કરી ઉઠતો હશે વારુ !

પતી રાષ્ટ્રીય ભાવનાના રંગે રંગાયેલા. અન્યાય સહન ન થાય, લીધો તન્ત મુકે નહીં. જ્યારે જશી તો ક્ષમાની મુર્તી. 'હશે, એમાં શું ? સૌના નસીબનું સૌ કોઈ લઈ જાય.' આવી આવી એની ફીલસુફી. એની ઉમ્મરનાં સૌ દેવદર્શન, તીર્થજાત્રા કરવા દોડાદોડ કરતાં હોય ત્યારે કોઈ એને પુછે કે તમે દે'રે કેમ જતાં નથી તો કહે, '' 'આમને' મુકીને મારાથી શી રીતે જવાય ? દેવ કાંઈ દે'રામાં જ થોડો છે ? ભગવાન તો ભાવ જુએ છે.'' જશી વૈષ્ણવ હવેલીના પુજારીની જેમ મંગળાથી શયન સુધીની પતીની પ્રત્યેક ચર્યામાં પ્રતીપળ પરોવાયેલી રહે. પતીમાં જ પરમેશ્વર–બુદ્ધી. જો કે જશીની આસ્થા તો ભારે. દેરાસરમાં જાય ત્યારે તીર્થંકર ભગવાન આગળ ખોળો પાથરતાં ગદ્ગદ્ થઈ જાય. પણ એને દેરાસરમાં જવાનું વ્યસન નહીં.

પતી પણ કહેતાં, 'તારી કક્ષા મારા કરતાં ઉંચી. તું તો બધું સમભાવે ભાળે છે એટલે તારો તો મોક્ષ જ થવાનો. અમારે તો હજી કોને ખબર કેટલા જનમ લેવા પડશે !' પતી પાકું પાન હતા. યથાકાળે ગયા.પણ હજી આજેયે 'તારા બાપુ' કહીને દીવસમાં કેટલીયેવાર એમની વાત કાઢે. ભક્તને ભગવાનના સ્મરણમાં જેવી મધુરતાનો અનુભવ થતો હશે એવી મીઠાશ જશી પતીની વાત કરતાં અનુભવે. પતી જતાં જશીનો પગ છુટો થયો. સાસરીયાં, પીયરીયાં, બહેનો, દીકરીઓનો વડલા જેવો બહોળો વસ્તાર, સૌ જશીને તેડાવે. પણ એ જાય ત્યારે છોકરાં રીસાય. 'જશી, તું કેમ જતી રહે છે ? અમને તારા વીના ગમતું નથી.' ઘરનાં બધાં છોકરાંની એવી ફરીયાદ.

જશી ઝાઝું ભણી નહોતી; પણ વાંચવાનો શોખ ખરો. છાપું નીયમીત વાંચે. મહાપુરુષોનાં જીવનચરીત્રો ખાસ વાંચે. ગાંધીજી પર ઘણો ભાવ. બે દીકરીઓ ગાંધીનું કામ કરે. એમના આશ્રમમાં જાય. પ્રાર્થનામાં જવાનું બહુ ગમે. આસપાસના ગામમાં પણ જાય. ફુલની જેમ સુવાસ મુકી આવે. સૌ યાદ કરે.

જશીને સામયીક–પ્રતીક્રમણ કરતાં કે નવકારી ગણતાં કદી ભાળી નથી. પણ રાતે સુતાં અને સવારે ઉઠતાં અંતરના ખરલમાં ઘુંટીને જે સ્વરભાર સાથે 'અરીહન્ત...અરીહન્ત' બોલે એમાં કોટી–કોટી નામજપનું ફળ સમાઈ જાય.

સદ્યસ્નાતા, સફેદ ખાદીની સાડી પહેરેલી જશી, કશાયે પુજાપા વીના માત્ર પોતાના બે હાથનો અર્ઘ્ય કરી ઉગતા સુર્યનારાયણને વંદના કરે. એને ગાયત્રી મંત્ર તો ન આવડે અને છતાં એ મનમાં કંઈક ગણગણે ત્યારે એના ઘરડા મોં પર જે દીપ્તી દેખાય, તે અત્યંય રમણીય લાગે. એમાં ભાવોદ્રેકતા હોય. તેમાં જગત આખાના કલ્યાણની ભાવના હોય. આવી અનેક નામી–અનામી પુણ્યગંધા સ્ત્રીઓની જીવન અંજલીઓના અર્ઘ્યથી જ તો આ ધરતી પણ પુણ્યગંધા બની છે ને !

–ગોવીન્દ રાવલ

લેખક-સમ્પર્ક:

વીશ્વમંગલમ્, અનેરા – 383 001 Phone: (02772) 239 283 Mobile: 94278 53583

છેક આત્મકથા નહીં; એવા – લેખકના જીવનનાં સંભારણાં સમા પુસ્તક 'મને સાંભરે રે...' (પ્રકાશક – રચના પ્રતીષ્ઠાન, વીશ્વમંગલમ્ – અનેરા –૩૮૩ ૦૦૧, તા. હીમ્મતનગર, જીલ્લે: સાબરકાંઠા, આવૃત્તી પહેલી: ૨૦૦૪, પાન: ૧૪૬ કીમ્મત: રુપીયા ૫૦)નાં પાન ૧૨૬થી ૧૩૦ ઉપરથી સહેજ ટુંકાવીને સાભાર...ઉત્તમ ગજ્જર..

**ખાસ નોંધ** : ગોવીન્દભાઈ અને સુમતીબહેનના દીકરા ભાઈ અતુલ રાવલ atulraval@gmail.com મીસીસીપી–અમેરીકા વસે છે. કમ્પ્યુટર અને પ્રીન્ટીંગ ટેકનૉલોજીના માહેર. સાહીત્યના રસીયા તો ખરા જ. ઈ-બુકના નવા યુગના પ્રચલનથી તેઓ વાકેફ અને તેથી તે માટે તેમણે એક મહત્ત્વાકાંક્ષી યોજના કરી. તેમણે ઈ-બુક્સ માટે 'એકત્ર' નામની એક વેબસાઈટ : http://www.ekatrabooks.com/ બનાવી છે. મફત ડાઉનલોડ કરવા માટે ત્યાં ઘણાં પુસ્તકો જડશે. હજી કામ ચાલુ છે. ઘણા પ્રકાશકોનો તેમણે સમ્પર્ક સાધ્યો છે. કામ પુર્ણ થતાં, ઘણાં પુસ્તકો ત્યાં મળતાં રહેશે.

http://www.ekatrabooks.com/book_list.php?authorname=Govindbhai આ લીંક પર ક્લીક કરશો કે 'મને સાંભરે રે..' પુસ્તકની એક રુપકડી ઈ-બુક તમારા આઈપેડ પર હાજર થશે. ડાઉનલોડ પણ થઈ શકશે અને અવકાશે ઘરે કે મુસાફરીમાં તમારા આઈપેડ પર નીરાંતે સાત્ત્વીક વાચનનો આનંદ આપશે...ઉત્તમ ગજ્જર..

**'સન્ડે ઈ-મહેફીલ' - વર્ષ: સાતમું - અંક:** 233 – December 18, 2011

**'ઉંઝાજોડણી'**માં અક્ષરાંકન: **ઉત્તમ ગજ્જર** - uttamgajjar@gmail.com

**@@@@@**

**More than 1,11,90,000 Gujarati Language lovers have visited**

**http://www.gujaratilexicon.com/**

**More than 9,90,000 have visited Digital Bhagwadgomandal**

**http://www.bhagwadgomandal.com/**

**More than 2,00,000 have visited Lokkosh**

**http://lokkosh.gujaratilexicon.com/**

**@@@@@@@**